VOICE OF VAODARA
WEEKLY NEWSPAPER

લીગલ એડવાઈઝર એડવોકેટ & નોટરી ઈશરત શૈખ : 9974176245
લીગલ એડવાઇઝર એડવોકેટ & નોટરી સીમા યાદવ : 91 74860 57408

RNI No. : GUJGUJ/2018/77001

વડોદરા થી દર મંગળવારે પ્રસિધ્ધ થતું અખબાર

# વોઈસ ઓફ વડોદરા

પ્રજાના પ્રશ્નોને વાંચા આપતું અગ્રીમ સાપ્તાહિક

EDITOR, OWNER, PUBLISHER AND PRINTER : GHADHIYALI MUMTAZ NISHAR MAHENDI

VOICE OF VADODARA

• માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : ઘડિયાળી મુમતાઝ નિસાર મહેંદી • મેનેજીંગ તંત્રી :દિનેશ બારોટ • વર્ષ - ૦૭ • અંક નં.૩૫ • તારીખઃ ૦૫-૦૮-૨૦૨૫, મંગળવાર • મો. ૯૨૭૪૫૯૭૩૩૪ • કિંમતઃ ૧.૦૦

પાના -૪ • વાર્ષિક લવાજમ રૂા.૧૦૦ / રજી. ઓફિસ એ-૧૫ રાજીવ આવાસ, જે.પી. પોલીસ સ્ટેશન, તાંદલજા, વડોદરા-૩૯૦૦૧૨, ગુજરાત

ન્યાયક્ષેત્ર વડોદરા કોર્ટને આધીન

EDITOR, OWNER, PUBLISHER AND PRINTER : GHADHIYALI MUMTAZ NISAR MAHENDI ■ MANAGING EDITOR : DINESH BAROT ■ YEAR : 07 ■ ISSUE : 35 ■ DATE :05-08-2025 TUESDAY ■ PAGE : 04 ■ PRICE RS.1.00
■ M. 9274597334 ■ WWW.VOVNEWS.IN | REGISTERED OFFICE : A-15 RAJIV AAVAS, NEAR J . P. POLICE STATION, TANDALJA VADODARA, 390012 (GUJARAT), VOICEOFVADODARA786@GMAIL.COM

## પેરાસીટામોલ, હૃદયરોગ સહિત 35 દવાઓનાં ભાવમાં 10-15%નો ઘટાડો

નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA)એ દર્દીઓને આવશ્યક દવાઓ પોષણક્ષણ ભાવે મળી રહે તે હેતુથી પેરાસીટામોલ, હૃદયરોગ, બળતરા સહિતની 35 દવાઓની કિંમતોમાં 10-15 ટકાનો ઘટાડો કર્યો હોવાનું જણાવ્યું છે. પેરાસીટામોલ, એટોરવાસ્ટેટિન, એમોક્સિસિલિન સહિતની દવાઓનું વેચાણ અગ્રણી ફાર્મા કંપનીઓ કરે છે જેનો હૃદય, ડાયાબિટિસ અને ઈન્ફેક્શનના દર્દીઓમાં વ્યાપક ઉપયોગ જોવા મળે છે. આ દવાઓના રિટેલ ભાવમાં એનપીપીએ દ્વારા ઘટાડો કરાયો છે. આ સાથે જ એન્ટિબાયોટિક તથા મનોરોગ માટેની દવાઓ પણ હવે સસ્તી થશે. કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ મંત્રાલયે એનપીપીએના ભાવ નિયંત્રણના આધારે એક પરિપત્ર જાહેર કર્યો હતો. આવશ્યક દવાઓની કિંમતોમાં ઘટાડો થતા ગંભીર બીમારી ધરાવતા લોકોને આંશિક રાહત મળશે.

એનપીપીએએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, આ દવાઓના ભાવ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) સિવાય નક્કી કરાયા છે. જો લાગું થતું હોય તો જીએસટી ઉમેરી શકાશે.

એકુમ્સ ડ્રગ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ દ્વારા તૈયાર કરાતી અને ડો. રેડ્ડીસ લેબ દ્વારા વેચાણ થઈ રહેલી એક એસેક્લોફેનાક-પેરાસીટામોલ-ટ્રિપ્સિન કાયમોટ્રિપ્સિન ટેબલેટની કિંમત હવે ₹13 નક્કી કરવામાં આવી છે. જ્યારે કેડિલા ફાર્માસ્યુટિકલ્સ દ્વારા સમાન સંયોજન સાથે તૈયાર કરાતી આ જ ટેબ્લેટની કિંમત હવે ₹15.01 રહેશે. હૃદયરોગના દર્દીઓમાં બહોળો વપરાશ ધરાવતી એટ્રોવાસટેટિન 40 એમજી અને ક્લોપિડોગરેલ 75 એમજી દવાની કિંમત ₹25.61 રહેશે. બાળકો માટે સેફિક્સાઈમ અને પેરાસીટામોલના સંયોજનની દવાઓના ભાવ પણ ઘટાડાયા છે. એનપીપીએ ગંભીર સારવારમાં મદદરૂપ વિટામિન ડીના ટીપાં (કોલેકેલ્સિફેરોલ), ડાયક્લોફેનાક ઈન્જેક્શનના ભાવ ઘટાડીને ₹31.77 પ્રતિ એમએલ કર્યા હોવાનું જણાવ્યું હતું. રિટેલર તથા ડીલર્સે નવું ભાવપત્રક દર્શાવવું પડશે તેમ મંત્રાલયે આદેશમાં જણાવ્યું હતું. નિયત કરેલી કિંમતોનો અમલ કરવામાં નિષ્ફળ જવા બદલ ડીપીસીઓ, 2013 અંતર્ગત કાયદાકીય કાર્યવાહી થઈ શકે છે. દવા ઉત્પાદકઓએ તમામ કાયદાકિય જરૂરિયાતોનું પાલન કરવાનું રહેશે તથા ઈન્ટિગ્રેટેડ ફાર્માસ્યુટિકલ ડેટાબેઝ મેનેજમેન્ટ સિસ્ટમ મારફતે સુધારેલું ભાવપત્રક ફોર્મ પાંચમાં ભરીને વિગતો સાથે એનપીપીએ તથા રાજ્યના ડ્રગ કંટ્રોલરોને સોંપવાનું રહેશે.

રસાયણો અને ખાતર મંત્રાલય હેઠળ કાર્ય કરતી NPPA ભારતમાં દવાના ભાવ નિયમનકાર છે. તે ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોના ભાવ નક્કી કરવા, સુધારવા, નિયંત્રિત તેમજ નિયંત્રણમુક્ત બંને દવાઓના ભાવનું નિરીક્ષણ કરવા માટે જવાબદાર છે.

## પહેલા મોદી પછી અમિત શાહે રાષ્ટ્રપતિની મુલાકાત લીધી



ભારત પર ટ્રમ્પના ટેરિફ, ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી, બિહાર મુદ્દે વિપક્ષના વિવાદ વચ્ચે મુલાકાત યોજાઇ

નવી દિલ્હીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અચાનક જ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની મુલાકાત લીધી હતી. મોદીની મુલાકાતના થોડા જ સમય બાદ ગૃહમંત્રી અમિત શાહે પણ રાષ્ટ્રપતિની મુલાકાત કરી હતી. જોકે આ મુલાકાતોનો ઉદ્દેશ્ય શું હતો તેને લઈને કોઈ જ સ્પષ્ટતા કરવામાં નથી આવી પરંતુ અનેક પ્રકારની અટકળો ચાલી રહી છે.

થોડા દિવસ પહેલા જ જગદીપ ધનખડે ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામુ આપી દીધુ હતું, જ્યારે ચૂંટણી પંચે નવા ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણીની તારીખ જાહેર કરી દીધી છે એવા સમયે પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહે રાષ્ટ્રપતિની આ મુલાકાત લીધી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા ટેરિફ નાખવાની જાહેરાત કરી હતી.

## હાથીખાના વિસ્તારમાં પાછલા 15 દિવસથી પીવાના પાણીનો કકડાટ

**ફોલ્ટ શોધવા છ સ્થળોએ રસ્તો ખોદી નાખ્યો છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો નહી**



હાથીખાના અનાજ બજાર પાસેના ગેંડા ફળિયા તથા આસપાસના વિસ્તારોમાં પાછલા 15 દિવસથી પીવાના પાણીનો કકળાટ સર્જાયો હોય કોર્પોરેશને ફોલ્ટ શોધવા છ સ્થળોએ માર્ગ ખોદી નાખતા સ્થાનિકોની મુશ્કેલીમાં વધારો થયો હતો. શહેરના વોર્ડ નં.6માં સમાવિષ્ટ હાથીખાના વિસ્તારના 36 ક્વોટર્સ, મહાવત ફળિયુ, ગેંડા ફળિયુ સહિતના વિસ્તારમાં 200 જેટલા મકાનો આવેલા છે. આ વિસ્તારમાં ઘણા સમયથી પીવાનું પાણી ઓછા પ્રેશરથી અને દૂષિત મળતું હોવાની ફરિયાદો ઉઠી હતી. કોર્પોરેશને વિસ્તારમાં ઉદ્ભવેલી આ સમસ્યાના ઉકેલ માટે ફોલ્ટ શોધવા મુખ્ય માર્ગ છ સ્થળોએ ખોદી નાખ્યો છે. પરંતુ હજુ સુધી ફોલ્ટ મળી રહ્યો નથી. હાલ ચોમાસાની ઋતુ હોય મુખ્ય માર્ગ ઉપર ખોદકામ થવાથી સમગ્ર વિસ્તારમાં કીચડ અને ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. આ વિસ્તારમાં પાછલા 15 દિવસથી પીવાના પાણીનો કકળાટ હોય કોર્પોરેશએ ટેન્કરની સગવડ કરી આપી છે. જોકે, 200 પરિવારો વચ્ચે માત્ર બે ટેન્કરો મળતી હોવાથી પાણી ભરવા રહીશો પડાપડી કરતા માથાકૂટ પણ સર્જાય છે.

## સ્માર્ટ વીજ મીટરોએ બજેટ ખોરવ્યાંઃ ગ્રાહકોને 5થી 15 દિવસનાં બિલ મળતાં કહ્યું, પગાર કરતાં વીજબિલ વધુ!

**વીજ કર્મીનાં બહાનાં, મીટર ફોલ્ટી થઇ ગયું હોવાથી બદલી ગયા**

શહેરમાં સ્માર્ટ વીજ મીટર લાગ્યા બાદ સતત વિવાદમાં રહ્યાં છે. સ્માર્ટ વીજ મીટરને પગલે લોકો મુશ્કેલીમાં મુકાયા છે. સ્માર્ટ મીટર લાગ્યા બાદ કોઈને 5 મહિને, કોઈને 15-15 દિવસે તો કોઈને 5 મહિનાનું બિલ ભર્યા બાદ તરત જ 15 દિવસે બિલ અપાઈ રહ્યાં છે. જોકે કેટલાય લોકોને 5 મહિનાનો સમય થઈ ગયો હોવા છતાં બિલ અપાતાં નથી. ઉપરાંત એક સાથે 2 મહિના કરતાં વધુ મહિનાનું બિલ આપી દેવાતાં લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સાથે સામાન્ય કરતાં વધુ પ્રમાણમાં બિલ આવી રહ્યું હોવાની પણ લોકો બૂમો પાડી રહ્યા છે.

શહેરમાં એમજીવીસીએલના 6.50 લાખ ગ્રાહક છે. તેમાંથી વીજ કંપનીએ 95 હજાર સ્માર્ટ મીટર લગાવી દીધાં છે. કારેલીબાગ, ગોરવા, સમતા, ગોત્રી, ન્યૂ સમા રોડ જેવા વિસ્તારમાં સ્માર્ટ મીટર લાગ્યા બાદ લોકો સુધી વીજ બિલ સમયસર પહોંચી ન રહ્યાં હોવાનું જાણવા મળ્યું હતું. તાજેતરમાં સમામાં સ્માર્ટ મીટર લાગ્યા બાદ એક મહિલાના ઘરે 3 મહિનાનું 7.81 લાખ બિલ આવી ગયું હતું.

ત્યારબાદ અધિકારીઓએ પોતાની ભૂલ સ્વીકારી હતી અને મહિલાને બિલ બદલી આપ્યું હતું. કેટલાક વિસ્તારમાં સ્માર્ટ મીટર લગાવવાને લઈ હજી લોકો વિરોધ કરે છે. વીજ બિલની અનિયમિતતાને કારણે લોકો ભારે મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. જોકે તે અંગે યોગ્ય કાર્યવાહી કરાય તો લોકોને રાહત મળી શકે છે. સ્માર્ટ મીટર લાગ્યા બાદ બિલ આવતાં 3-4 મહિના મિનિમમ લાગે છે. તે અગાઉના રીડિંગ જોઈન્ટ કરીને બિલ આવે છે. બિલ માટે સિસ્ટમમાં જઈને મંથલી સાઈકલ કન્વર્ટ કરાય છે, પછી રીડિંગ જોઈન્ટ કરીને બિલ આવે છે. જે ગ્રાહકને વધારે સમય સુધી બિલ આવતાં નથી તેને લઈ તપાસ કરાશે.

## વિપક્ષ SIRના વિરોધમાં 8 ઓગસ્ટે ચૂંટણી પંચની ઓફિસનો ઘેરાવ કરશે

સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ના વિરોધને વધુ આક્રમક બનાવી ચૂંટણી પંચને ભીંસમાં લેવા INDIA ગઠબંધને નક્કર આયોજન હાથ ધર્યું છે. જેના ભાગરૂપે 7 ઓગસ્ટે ગઠબંધનના સભ્યો ડિનર માટે ભેગા થશે અને તેમાં SIRના વિરોધમાં રણનીતિ ઘડવા વિચારણા થશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ડિનરના બીજા દિવસે એટલે કે 8 ઓગસ્ટે ચૂંટણી પંચની ઓફિસનો ઘેરાવ કરવાનું આયોજન થઈ શકે છે.

SIRના મુદ્દે સંસદના ચોમાસુ સત્ર દરમિયાન ચર્ચા હાથ ધરવાની માગણી વિપક્ષ દ્વારા થઈ રહી છે, પરંતુ શાસક પક્ષ તરફથી હકારાત્મક જવાબ મળ્યો નથી. સંસદમાં ચર્ચા ના થઈ શકતી હોય તો સડક પર ઉતરવાનું આયોજન એવા સમયે હાથ ધરાયું છે, જ્યારે ઉપ રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી જાહેર કરવામાં આવી છે. વિપક્ષના ઘણાં નેતાઓએ NDAના ઉમેદવાર સામે સંયુક્ત ઉમેદવાર ઊભા રાખવાની ઈચ્છા વ્યક્ત કરેલી છે. જેને જોતાં ડિનર દરમિયાન ઉપ રાષ્ટ્રપતિ પદ માટે સર્વસંમત ઉમેદવારની પસંદગી માટે પણ કવાયત હાથ ધરાશે. બિહારમાં SIRના કારણે મતદાર યાદીમાંથી લાખો નામ કમી થઈ શકે છે.

## હાઈવે પરના ખાડાથી ગોલ્ડન, વાઘોડિયા, દુમાડ ચોકડી પર ચક્કાજામ

શહેરને જોડતા સૌથી વ્યસ્ત હાઈવે પર લાંબા સમયથી વાહનોનો ચક્કાજામ થઈ રહ્યો છે. શહેરમાં પ્રવેશવા અને બહાર જવા લોકોને મુશ્કેલી થઈ રહી છે. ખાસ કરીને ગોલ્ડન ચોકડી પર ટ્રાફિક જામ રહે છે. ત્યારબાદ દુમાડ ચોકડી અને વાઘોડિયા ચોકડીએ ટ્રાફિકની સમસ્યામાં વધારો થયો છે. હાલોલ હાઈવે ગોલ્ડન ચોકડીએ જોડાય છે. જ્યાં પંચમહાલ, ગોધરા, મધ્યપ્રદેશ, રાજસ્થાન સહિતથી વાહનો આવ-જા કરે છે. ત્યારબાદ અન્ય રૂટ પર અમદાવાદ, મુંબઈ, સુરત તરફનાં વાહનો હોય છે. ખાસ કરીને ગોલ્ડન ચોકડી પર હાલોલ રોડના ટોલ નાકા સુધી ટ્રાફિક જામ રહે છે. જ્યારે સામે અમદાવાદ અને સુરત તરફથી આવતાં વાહનો પણ ટ્રાફિકમાં ફસાય છે. હાઈવે પર રોડ ઘણી જગ્યાએ ધોવાઈ ગયો છે અને મોટા ખાડા પડી ગયા છે. બીજી તરફ દેણા નજીકના બોટલ નેકથી ટ્રાફિક સર્જાય છે. તાજેતરમાં જામ્બુઆ બોટલ નેક તરફ ટ્રાફિકની સમસ્યાને લઈ પોલીસ, કોર્પોરેશન, એનએચએઆઈ સહિતના તંત્રે વિઝિટ કરી હતી.

વાઘોડિયા ચોકડી પર ખૂબ ટ્રાફિક રહે છે. કેટલીકવાર નોકરી પર જવા મોડું થાય છે અને કેટલીકવાર નોકરી પરથી પરત ઘરે જવામાં મોડું થઈ જાય છે. હાલોલ, ગોધરા તરફથી અનેક એમ્બ્યુલન્સ શહેરમાં આવતી હોય છે. જેને વડોદરા શહેરમાં પ્રવેશે તે અગાઉ જ ગોલ્ડન ચોકડી પાસે સર્જાયેલા ટ્રાફિકમાં ફસાઈ જવાનો વારો આવે છે. ત્યારે આ મામલે યોગ્ય કાર્યવાહી થાય તો સમાધાન આવી શકે છે.




## જમનાબાઈ હોસ્પિટલ પાસે ગંદકી અને ડ્રેનેજની સમસ્યા અંગે મ્યુ. કમિશનરને રજૂઆત

જમનાબાઈ હોસ્પિટલ પાસે ગંદકી અને ડ્રેનેજની સમસ્યાના કાયમી ધોરણે નિરાકરણ માટે સ્થાનિક આગેવાને મ્યુ.કમિશનરને લેખિત રજૂઆત કરી હતી. ચાર દરવાજા વિસ્તારમાં વર્ષો જૂની પાણી અને ડ્રેનેજની લાઈનોના કારણે અવારનવાર ભંગાણ સર્જાઈ રહ્યા છે. જેના કારણે પીવાનું પાણી દૂષિત વિતરણ થવાની તથા ડ્રેનેજ ઉભરાવવાની અનેક ફરિયાદો છે. ત્યારે વોર્ડ નં.14ના રહીશો વતી સ્થાનિક આગેવાને વિસ્તારમાં સ્વચ્છતા અને ડ્રેનેજની સમસ્યાના કાયમી ધોરણે નિરાકરણ માટે મ્યુ. કમિશનરને ફરી એક વખત રજૂઆત કરી જણાવ્યું છે કે, જમનાભાઈ હોસ્પિટલ પાસે બે થી ત્રણ સ્થળે અવારનવાર ડ્રેનેજ ચોકઅપ થાય છે અને દૂષિત પાણી માર્ગ પર ફરી વળતા ગંદકી અને મચ્છરનો ઉપદ્રવ વધે છે.

## રોગચાળો અટકાવવા કોર્પોરેશનની સફાઇ ઝુંબેશઃચારેય ઝોનમાં સફાઇ

ચોમાસાની ઋતુમાં રોગચાળો માથું ઊંચકે તે પહેલાં જ વડોદરા કોર્પોરેશન દ્વારા શહેરના ચાર ઝોનમાં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશમાં સફાઈ, પેચવર્ક, ડ્રેનેજ લાઈન સફાઈ અને દંડ વસૂલાત જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી હતી. કોર્પોરેશનમાંથી મળેલી માહિતી પ્રમાણે, શહેરના પૂર્વ ઝોનમાં સંગમ સર્કલથી ગાંધીપાર્ક, ગધેડા માર્કેટથી નાયરા પેટ્રોલ પમ્પ સુધી ડિવાઈડર સફાઈ, માણેક પાર્કથી હોન્ડા શો રૂમ, વ્રજધામ રોડ, અમિતનગર સર્કલથી હોન્ડા શોરૂમ, અદાણિયા પુલથી MES, ધવલ હોસ્પિટલથી પંચશીલ, વારસીયા RTO સર્કલથી સાંઈબાબા મંદિર, હરિહર એપાર્ટમેન્ટથી કુતરાવાડી મેઈન રોડ, વારસીયા રિંગ રોડ, પંચશીલ નાળાથી જલારામ હોસ્પિટલ નાકા, જલારામ હોસ્પિટલ નાકાથી ગધેડા માર્કેટ ચાર રસ્તા, કિશનવાડી વિસ્તાર મેઈન રોડ, દાવડા નગર, રણછોડરાય મસાલા મીલ, દશામાં વિસર્જન કૃત્રિમ તળાવ, હનુમાન મંદિરની સામે સુધી સઘન સફાઈ કામગીરી કરવામાં આવી હતી. એકલવ્ય મેદાન વિજયનગર વિસ્તારમાં JCB દ્વારા કામગીરી કરવામાં આવી હતી.








તંત્રી સ્થાનેથી ....

■ ઘડિયાળી મુમતાઝ

# ભૂકંપના આચકાથી હાલક ડોલક ધરતીની ચેતવણી : સાવધ રહો...

કચ્છમાં ત્રણ કે ચારની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવે છે તો પણ લોકો ફફડી ઊઠે છે, કેમ કે 2001ના ગોઝારા ધરતીકંપની ભયાનકતા માનસપટ પર તાજી થઈ ઊઠે છે. ધરા ધણધણે અને બધું તણખલાંની જેમ વેરાઈ જાય એનો વિનાશ અકલ્પનીય હોય છે. ધરતીકંપના આંચકા કચ્છથી ઉત્તર ભારત સુધી નોંધાતા રહે છે. એ દરમ્યાન રશિયાના કામચટકા દ્વિપકલ્પ ક્ષેત્રમાં આવેલા 8.8ની તીવ્રતાના ધરતીકંપે દુનિયાને ડરામણો અનુભવ કરાવ્યો. ઈતિહાસનો આ છટ્ઠા ક્રમનો મોટો ભૂકંપ હતો. તેને પગલે જાપાન સહિત એક ડઝન દેશોમાં સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી. સમુદ્રમાં ત્રણથી પાંચ મીટર ઊંચાં ઊછળતાં મોજાં કાંઠા તરફ ધસમસતાં હતાં, ત્યારે વર્ષ 2004ની વિભીષિકાનું પુનરાવર્તન થવાનો ડર પેઠો હતો. લાખો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું. અલબત્ત, અમુક કલાકો પછી પ્રશાંત મહાસાગર ક્ષેત્રમાં સુનામી ચેતવણી પાછી ખેંચી લેવાતાં હાશકારો થયો. પ્રકૃતિનાં રૌદ્રરૂપનો અંદાજ બાંધી ન શકાય. આગોતરી તૈયારી અને તકેદારીથી જાનહાનિ ટાળી શકાય છે. જાપાનમાં તો રાજધાની ટોકિયોના 20 લાખ લોકોને સલામત સ્થળે ચાલ્યા જવા કહી દેવામાં આવ્યું હતું. ફુકુસીમા પરમાણુ મથક કામચલાઉ બંધ કરી દેવાયું. સુનામીની લહેરો અમેરિકાના અલાસ્કા અને હવાઈ ટાપુ સુધી પહોંચી હતી. સુનામીનો ખતરનાક અનુભવ બે દાયકા પહેલાં ભારત, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા સહિતના દેશો કરી ચૂક્યા છે. હિન્દ મહાસાગરમાં એ સમયે શક્તિશાળી ભૂકંપને પગલે દરિયો ઉલેચાતો હોય એવાં રાક્ષસી મોજાંઓએ ભારે તબાહી મચાવી હતી. 14 દેશમાં સવા બે લાખથી વધુ લોકોએ જીવ ગુમાવ્યો હતો. એ સિવાય લાખો લોકોને ભારે નુકસાન વેઠવું પડયું હતું. પૂર કે ધરતીકંપ જેવી કુદરતી હોનારત ભોગવનારા માનવને, પરિવારને કેટલાંય વર્ષો પાછળ ધકેલી દેતી હોય છે, એનો માનસિક આઘાત મોટો હોય. ભૂસ્તર વિજ્ઞાનીઓના જણાવ્યા અનુસાર દરેક ધરતીકંપ સુનામી લાવે એવું નથી હોતું. ભૂકંપનું કેન્દ્ર દરિયાની અંદર કે કાંઠાની નજીક હોવું જોઈએ. વારંવાર આવતા ભૂકંપ ગંભીર ચેતવણી સમાન છે. પૃથ્વી ભલે ઉપરથી શાંત જણાતી હોય, પણ અંદર ઊથલપાથલ ચાલતી રહે છે. પેટાળમાં પ્લેટો વચ્ચેની ટક્કર ધરતીકંપ સર્જે છે. વિજ્ઞાનીઓના જણાવ્યા મુજબ દુનિયામાં દર વર્ષે લાખો કંપન નોંધાતાં હોય છે. એમાંના મોટાભાગે એટલાં હળવાં હોય છે કે એની વિધિવત નોંધ થતી હોતી નથી. ભારતમાં ભૂકંપની વધતી ઘટનાઓ ચિંતાની વાત છે. ધરતીકંપનાં જોખમની દૃષ્ટિએ દેશને પાંચ ઝોનમાં વહેંચી દેવામાં આવ્યો છે. જી - પાંચ સૌથી તીવ્ર સંભાવનાવાળો વિસ્તાર કહેવાય, જેમાં સમગ્ર પૂર્વોત્તર ભારત ઉપરાંત ઉત્તરાખંડ, હિમાચલપ્રદેશ, જમ્મુ - કાશ્મીર અને ગુજરાત રાજ્યનો સમાવેશ થાય છે. કચ્છ જિલ્લો આખો ઝોન - પાંચમાં સૌથી સંવેદનશીલ છે. આ ક્ષેત્રમાં ધરતીની અંદર ઈન્ડિયન પ્લેટ યુરેશિયન પ્લેટ સાથે વધુ વાર ટકરાય છે. રાજધાની દિલ્હી અને એનસીઆર વિસ્તાર ઝોન - ચારમાં સમાવિષ્ટ છે. વિજ્ઞાનીઓ એક અરસાથી ભૂકંપની ભવિષ્યવાણી થઈ શકે એ માટે પ્રયત્નશીલ છે, પરંતુ કોઈ સચોટ ઉપાય શોધી શકાયો નથી. એ સંજોગોમાં ભૂકંપ પ્રતિરોધક ઈમારતોનું નિર્માણ અને જાગૃતિ એકમાત્ર ઉપાય છે.

# હમારા ઘર યતીમખાના બચાવ સમિતિની મીટિંગમાં યતીમખાના તથા ત્યાંના લાભાર્થી વિદ્યાર્થીઓના ભવિષ્યને બચાવવા આંદોલન કરવાનો નિર્ણય

એડવોકેટ એસ. એમ. ઈન્દોરીની આગેવાનીમાં હમારા ઘર યતીમખાના બચાવ સમિતિની મિટિંગ યોજાઈ હતી. સદર મિટિંગમાં શહેરના સામાજિક આગેવાનો તથા ચિંતિત વ્યક્તિઓએ હમારા ઘર યતીમખાના બચાવ સમિતિની મિટિંગમાં શામેલ થઈ યતીમખાનાની કથળેલી સ્થિતિ, ગેરવહીવટ, જોહુકમી, દૂરંદેશી વિનાનું સંચાલન તથા સમાજને થઈ રહેલ નુકશાન બાબતે ચિંતા વ્યક્ત કરી વડોદરા શહેરના મુસ્લિમ સમાજને ચળવળમાં જોડાવવા આહવાન આપ્યું.

યતીમખાનાનાં પૂર્વ પ્રમુખ, પૂર્વ સભ્યો તથા વર્તમાન સભ્યોએ એકી સૂરમાં યતીમખાનામાં ચાલી રહેલ ગેરવહીવટ તથા કોઈપણ વિઝન વિના માત્ર 'દાવત' અને ભંડોળ એકઠું કરવાની મનોવૃત્તિ ઉજાગર કરી તથા શહેરના વધુમા વધુ જાગૃત વ્યક્તિઓ યતીમખાનાનાં સામાન્ય સભ્યો બને તે માટે લોકોને ચળવળમાં જોડાવવા આમંત્રણ આપ્યું.

આજની મિટિંગમાં હાજરજનોએ હમારા ઘર યતીમખાના ખાતે નોકરી કરનારાઓ ખોટી રીતે ટ્રસ્ટી તથા હોદ્દેદાર બની બેઠા છે તેની સામે પ્રશ્નાર્થ ઉઠાવી તેઓની નૈતિકતા સામે આશ્ચર્ય વ્યક્ત કરેલ તથા અસર બની બેઠેલા હોદ્દેદારોને દૂર કરવા કાયદેસરના પગલાં તથા લોકશાહી ઢબે સમાજ સમક્ષ



લેખ અને માહિતી આપનાર : એડવોકેટ શોકત ઇન્દોરી

આવા લોકોને ખુલ્લા પાડવા આહવાન કરેલ

સદર મિટિંગમાં યતીમખાનાના પુર્વ પ્રમુખ નાઓએ જણાવેલ કે કેવી રીતે ઈબ્રાહિમ રાઠોડે અમુક અસામાજિક તત્વોનો દુરુપયોગ કરી તેમને માનસિક ત્રાસ આપી પ્રમુખ પદેથી રાજીનામુ આપવા મજબૂર કરેલ, તેવી જ રીતે પૂર્વ મેનેજમેન્ટ કમિટીના સભ્ય એ તેમની સાથે થયેલ દુર્વ્યવહાર ની દુ:ખદ હકીકત વરણી હતી અને જણાવેલ કે યતીમખાનાની હાલની પરિસ્થિતિ ખૂબ જ કથળેલી છે, નીતિમત્તા સંપૂર્ણ રીતે ભાંગી ગયેલ છે.

મિટિંગમાં એ પણ સ્પષ્ટ રીતે ચર્ચામાં આવેલ કે શહેરના બધા જાગૃત વ્યક્તિઓ સમજે છે કે યતીમખાનામાં ગેરરીતિઓ થાય છે, ભંડોળનો યોગ્ય ઉપયોગ થતો નથી,યતીમખાનાની જરૂરિયાતો પૂર્ણ કરવા, સેવા લેવા કે ખરીદી કરવામાં ટેન્ડરિંગ કરવામાં આવતી નથી. બાળકોના ભણતર પર યોગ્ય ધ્યાન આપવામાં આવતું નથી.

મિટિંગમાં નક્કી કરવામાં આવેલ છે કે વધુમાં વધુ પ્રમાણિક અને નિષ્ઠાવાન વ્યક્તિઓ યતીમખાના ના સામાન્ય સભ્ય બને તથા યતીમખાનાના સંચાલનમાં પારદર્શિતા આવે તે માટે મેનેજમેન્ટ કમિટીમાં સાચા અને નિષ્ઠાવાન વ્યક્તિઓનો સમાવેશ થાય તથા ખોટી રીતે મેનેજમેન્ટ કમિટીના સભ્ય તથા હોદ્દેદાર બની બેઠેલા વ્યક્તિઓને દૂર કરવા માટે સતત લોકશાહી રીતે સંઘર્ષ કરવામાં આવશે તેવું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ છે. સદર મિટિંગમાં વડોદરાના સામાજિક કાર્યકર્તા તથા શિક્ષિત લોકો મોટા પ્રમાણમાં હમારા ઘર યતીમખાના બચાવ આંદોલનમાં જોડાવવા અપીલ કરી હતી.

## મિટિંગમાં હાજર રહેલા વ્યક્તિઓની યાદી

- યાસીન ભાઈ શેખ (પૂર્વ પ્રમુખ, યતીમખાના)
- ડો. મુહમ્મદ હુસૈન ( પ્રમુખ, BMDA, સભ્ય, યતીમખાના)
- એડવોકેટ તહેરાબેન દાયમકુમાર (પૂર્વ સભ્ય મેનેજમેન્ટ કમિટી, યતીમખાના)
- ડો. સલીમ ઉમરજી ( 18- 20 વર્ષ જૂના સભ્ય જેમને ખોટી રીતે સભ્ય પદેથી દૂર કરવામાં આવ્યા છે )
- ઈકબાલખાન (ફાઉન્ડર ટ્રસ્ટી, TEAM, સભ્ય, યતીમખાના)
- સૈયદ મંઝૂરઅલી સાલેરી (વડોદરાના આગેવાન)
- ઇમ્તિયાઝ શેખ SIR (ટ્રસ્ટી, CRESCENT સ્કૂલ, તાંદલજા
- અમીન સૈયદ ( ફાઉન્ડર મેમ્બર મુસ્લિમ સોશ્યલ ગ્રૂપ તથા યતીમખાનાના જૂના સભ્ય જેમને ગેરકાયદેસર રીતે દૂર કરવામાં આવેલ છે)
- અઝીઝ ડાંગીવાલા (પૂર્વ કાઉન્સિલર, VMC)
- આઈ ડી પટેલ sir (ઉપ પ્રમુખ, એમ. ઇ.એસ., શિક્ષણવિદ્)
- M.N MALEK Sir (નિવૃત આચાર્ય, M.E. S.School, યાકુતપુરા)
- મોહમ્મદ મોહીયુદ્દીન(બાબુભાઇ) તનસુજવાલા
- છત્રસિંહ ટાંક (ગોરવા, શિક્ષણવિદ્)
- એડવોકેટ મુશ્તાક મલેક
- અબ્દુલ કૈયુમભાઈ સોડા ફેક્ટરીવાલા (બિલ્ડર - ડેવલોપર)
- સુલેમાનભાઈ મેમણ (મેમણ જમાતના અગ્રણી)
- કુરેશી (બાબાભાઈ )(કુરેશ જમાતના અગ્રણી તથા સામાજિક કાર્યકર્તા)
- વસીમ પટેલ સર, શિક્ષણવિદ બહાર કોલોની
- સાદિક કાજલવાલા(સામાજિક કાર્યકર તથા સોશિયલ ઈનફ્લુએન્સર, પત્રકાર
- મેહઝબીન સૈયદ, તાંદલજા
- યદુલ્લાહી કાદરી, યાકુતપુરા (એક્ટિવીસ્ટ)
- સિદ્દીક મન્સૂરી
- ઈબ્રાહિમ સાયકલવાલા, યાકુતપુરા (ઇમારતે શરિયત)
- આરીફ કાદરી સૈયદ, મચ્છીપીઠ (વકફ એક્ટિવીસ્ટ, Social Media Influencer)
- સલીમ કે. શેખ (નાલબંધવાડા)
- *હૈદર કેમ્પવાલા (કુરેશ મહોલ્લો)
- આબીદ ખતીબ મિટિંગમાં હાજરજનોએ યુવા કાર્યકર્તાઓ તથા ચિંતિત વ્યક્તિઓને હમારા ઘર બચાવ સમિતિમાં જોડાવવા આહવાન કર્યું

# રક્ષાબંધન એટલે ભાઈ-બહેન ના વિશુદ્ધ પ્રેમ નું અસ્ખલિત વેહતું ઝરણું.

રક્ષાબંધન એટલે ભાઈ-બહેન ના વિશુદ્ધ પ્રેમ નું અસ્ખલિત વેહતું ઝરણું. રક્ષાબંધન એટલે ભાઈ-બહેન ના વિશુદ્ધ પ્રેમ નું અસ્ખલિત વેહતું ઝરણું. ભાઈ ના કાંડે રાખડી બાંધી બહેન પોતાના ભાઈ ની સર્વપ્રકાર ની રક્ષા ઈચ્છે છે. પરંતુ શું રાખડી બાંધવાથી કોઈ ની રક્ષા ખરેખર થઈ શકે? મહત્વ રક્ષાંબંધન નું નથી. મહત્વ જે ભાવ થી રાખડી બાંધવામાં આવે છે એનું છે. કારણકે રક્ષાબંધન ના દિવસે ફક્ત રાખડી જ નથી બંધાતી, રાખડી ની સાથે બંધાય છે બહેન નો પ્રેમ અને સ્નેહ. રાખડી કોઈની રક્ષા કરી શકે નહિ પરંતુ રાખડી સાથે જે ભાવ, પ્રેમ, સંકલ્પ બંધાયો છે તેમાં




અતુલ્ય શક્તિ રહેલી છે. શુદ્ધ ભાવે કોઈના હિત માટે કરાયેલી ઈચ્છા ક્યારેય નિષ્ફળ જતી નથી. સંકલ્પ સિદ્ધિ અને પ્રગતિ નો પ્રેરક છે. સંકલ્પ અને અંતર ના આશિષો થી અશક્ય પણ શક્ય બની જાય છે. પરંતુ આ ત્યારે જ શક્ય છે જ્યારે મન શુદ્ધ, નિર્મળ અને દોષરહિત હોય. શુદ્ધ ભાવ થી કોઈ ને આપેલા આશિષ ક્યારેય વ્યર્થ જતાં નથી. ભાઈ ના કાંડે રાખડી બાંધતી બહેનો જો આવા આશિષ આપી શકે તો ભાઈ ના રક્ષણ ની ખાતરી મળી જાય છે. રક્ષાબંધન એટલે ભાઈ એ રાખડી બંધાવવી, બહેન ને કઈક આપવું અને વ્યવહાર ની રસમ પૂરી કરવી એ નથી. આપેલ અને લીધેલ વસ્તુઓ તો ગૌણ છે. એમનું મહત્વ નથી. મહત્વ તો ભાઈ- બહેન વચ્ચે સ્નેહ, પ્રેમ માં અભિવૃદ્ધિ થાય એનું છે.

ભૂમિરાજસિંહ ઠાકોર,
( અંકલેશ્વર )

# રોડ સેફ્ટી અંતર્ગત તાલીમ શિબિરનું આયોજન વિદ્યાર્થીઓએ જરૂરી માહિતી અને માર્ગદર્શન મેળવ્યું

ખાનગી યુનિવર્સિટી ખાતે રોડ સેફટી અંતર્ગત તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 80થી વધુ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી જરૂરી માહિતી અને માર્ગદર્શન મેળવ્યું હતું.

આરટીઓ ઈન્સ્પેક્ટર એસ.પી. સુથાર અને આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર કે .પી. જીયાણી દ્વારા પ્રેઝન્ટેશન થકી રોડ સેફટીને લગતી માહિતી તેમજ માગદર્શન વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું. જેમાં હેલ્મેટ અને સીટબેલ્ટનો ઉપયોગ કરવા, વળાંક વખતે અથવા લાઈન ચેન્જ કરતા સમયે સાઈડ



લાઈટનો ઉપયોગ કરવા, બ્રેકની ચોકસાઈ અંગે, બે વાહન વચ્ચે અંતર જાળવવા, થાક અથવા અપૂરતી ઊંઘ ડ્રાઈવિંગ માટે જોખમી, સગીર વયે ડ્રાઈવિંગના કાયદાની જોગવાઈ સહિતની બાબતો અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડી માર્ગદર્શન આપ્યું હતું. આજે અકસ્માતમાં અનેક વ્યક્તિઓ જીવ ગુમાવી રહી છે, છતાં ટ્રાફિક નિયમો દરેક લોકો ફોલો કરતા નથી.

# વડોદરા-કરજણ હાઈવેની ટ્રાફિક સમસ્યા ઉકેલવા જતાં હાઈવેના દબાણોનું કામ પોલીસને માથે આવ્યું

વડોદરાઃ વડોદરાની આસપાસ હાઈવે ઉપર ઠેક ઠેકાણે દબાણો થયા છે ત્યારે નેશનલ હાઈવે ઓથોરિટીની દબાણો દૂર કરવાની કામગીરી વડોદરા પોલીસના માથે આવી છે.

વડોદરા-કરજણ વચ્ચે વારંવાર ૧૦ થી ૧૫ કિલોમીટર ટ્રાફિક જામ થતો હોવાથી લાંબા સમયથી ચાલતી ટ્રાફિકની સમસ્યા ઉકેલવા માટે વડોદરા પોલીસ કમિશનર દ્વારા હાઈવે ઓથોરિટી, કોર્પોરેશન, આર એન્ડ બી, આરટીઓ જેવા વિભાગોના અધિકારીઓને સાથે રાખી શોર્ટ ટર્મ



એક્શન પ્લાન બનાવ્યો છે.

તો બીજીતરફ કરજણ હાઈવેના ઈસ્યુ બાદ વડોદરા પોલીસને માથે હાઈવે ઓથોરિટી હેઠળ આવતી જગ્યાઓ ખાલી કરવાની જવાબદારી આવી ગઈ છે.જેથી જોઈન્ટ પોલીસ કમિશનર ડો.લીના પાટીલ અને ડીસીપી પન્ના મોમાયાની આગેવાનીમાં પોલીસે ગઈકાલે ગોલ્ડન ચોકડી પાસેના દબાણો દૂર કર્યા હતા.

આજે બીજા દિવસે પણ વડોદરા શહેર પોલીસે હાઈવે ઉપર દબાણ હટાવ ઝુંબેશ જારી રાખી હતી. પોલીસે કોર્પોરેશનની મદદ લઈ દુમાડ ચોકડી વિસ્તારના લારી-ગલ્લા ઝૂંપડા સહિતના ૭૦ થી વધુ દબાણો દૂર કર્યા હતાઅને બે ટ્રક સામાન બહાર કાઢ્યો હતો. જે દરમિયાન વિરોધ થતાં પોલીસે કડક વલણ અપનાવવું પડયું હતું. ડીસીપીએ કહ્યું હતું કે, હજી આ પ્રકારના દબાણો દૂર કરવાની ઝુંબેશ ચાલુ રહેશે.

# પ્રધાનમંત્રી કિસાન દિવસ ઉત્સવ કાર્યક્રમ:ડભોઈ તાલુકાના 24497થી વધુ ખેડૂત લાભાર્થીઓને રૂા. 4.32 કરોડ ચૂકવાયા

ડભોઈ કોમર્સ કોલેજ ખાતે શનિવારે કિસાન નિધિ સન્માન યોજના અંતર્ગત પ્રધાનમંત્રી કિસાન દિવસ ઉત્સવ ધારાસભ્ય શૈલેષભાઈ મહેતાની અધ્યક્ષતામાં યોજાયો હતો. કાર્યક્રમાં નરેન્દ્રભાઈ મોદી વારાણસીથી ખેડૂતોને લાઈવ ટેલીકાસ્ટ દ્વારા વર્ચ્યુઅલી સંબોધન કર્યું હતું.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના 20માં હપ્તાની ચુકવણી કરાઈ હતી. જેમાં રાજ્યના 52.16 લાખથી વધુ ખેડૂતોને રૂા. 1118 કરોડની સહાય DBT મારફતે કરવામાં આવી હતી.

જ્યારે જે અંતર્ગત ડભોઈ તાલુકાના 24497 લાભાર્થીઓથી વધુને કુલ 4.32 કરોડ ચૂકવવામાં આવ્યા. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કારોબારી સભ્ય શશીકાંત પટેલ, પ્રાંત



અધિકારી રવિરાજસિંહ પરમાર, મામલતદાર પી.આર.સંગાડા, તાલુકા વિકાસ અધિકારી તેજલ રાણા સહિત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# લિફ્ટ અને એંગલ વચ્ચે માથું ફસાતા યુવકનું મોત

વડોદરા શહેરમાં એક યુવકનું લિફટમાં માથું ફસાઈ જવાથી મોત નીપજ્યું છે. આ ઘટના VIP રોડ વિસ્તારમાં આવેલી વૃંદાવન પાર્ક સોસાયટીમાં બની હતી. જ્યાં ટાઈલ્સ લગાવવાનું કામ કરતા કારીગરનું મોત થયું છે. આ મામલે હરણી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ મૃતક યુવકની ઓળખ સંજય રણછોડભાઈ પ્રજાપતિ (ઉ.વ. 37, રહે. અંબિકાનગર, ઉમિયાનગર, ચાણક્યપુરી, ન્યૂ સમા રોડ) તરીકે થઈ છે. સંજય વૃંદાવન પાર્ક સોસાયટીમાં ટાઈલ્સ લગાવવાનું કામ કરી રહ્યો હતો. ઘટના બની ત્યારે તેઓ લિફટનું ટેસ્ટિંગ કરવા માટે ઉપર જઈ રહ્યા હતા. આ દરમિયાન લિફટની ઉફરની એંગલમાં તેનું માથું ફસાઈ ગયું હતું જેના કારણે તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.

ઘટનાની જાણ થતાં આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તેમની ચીસો સાંભળીને લોકોમાં હડકંપ મચી ગયો હતો. તાત્કાલિક વડોદરા ફાયર વિભાગને જાણ કરવામાં આવી અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. આ ઉપરાંત હરણી પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

# પતિ કમાતો નથી,પત્નીને નોકરી કરવા દેતો નથી,માર મારે છે..5 સંતાનનું પેટ કેવી રીતે ભરવું.. પત્નીએ ઘરછોડ્યું

વડોદરાઃ પતિની સંકુચિત માનસિકતાને કારણે પાંચ સંતાનની માતાએ ઘર છોડી દેતાં તેને બચાવી લેવામાં આવી હતી.

પાંચ સંતાનની માતા અટલાદરા મંદિર પાસે રડમસ ચહેરે લાંબો સમય સુધી બેસી રહી હોવાથી એક સત્સંગીનું ધ્યાન ગયું હતું અને તેણે અભયમને જાણ કરી હતી.

જેથી મહિલાનું કાઉન્સેલિંગ કરતાં તેણે પતિના અમાનુષી ત્રાસને કારણે ઘર છોડયું હોવાનું કહ્યું હતું. મહિલાનો પતિ બીમાર હોઈ કોઈ કામ ધંધો કરતો નહતો.જેથી પાંચ પાંચ સંતાનના પેટ ભરવા મહિલા નોકરી કરતી હતી.પરંતુ પતિ તેના પર શંકા કરી માર મારતો હતો અને નોકરી છોડી દેવા કહેતો હતો.

પતિ સંતાનો પાસે કામ કરાવવા તૈયાર હતો.જેથી પતિના ત્રાસથી કંટાળીને મહિલાએ ઘર છોડયું હતું અને આપઘાતના વિચાર કરતી હોઈ તેને સંસ્થામાં આશરો અપાવ્યો હતો.

# સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષ સ્થાને સહકારી મંડળીઓનો સેમિનાર-સંવાદ કાર્યક્રમ યોજાયો

**સહકાર ક્ષેત્રના મજબૂતીકરણથી વિકસિત ભારતનું સપનું સાકાર કરવામાં તમામના સહયોગની જરૂર છેઃ સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા**

વરણામા ત્રિમંદિર ખાતે સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષ સ્થાને સહકારથી સમૃદ્ધિ અંતર્ગત ઉત્કૃષ્ટ કામગીરી કરતી સેવા સહકારી મંડળીઓ, દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનો સેમિનાર સહ સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. વડોદરા જિલ્લાની સહકારી મંડળીઓના જિલ્લા રજિસ્ટ્રાર, બરોડા ડેરી અને ધી બરોડા સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક લિમિટેડના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.




સહકારી ક્ષેત્રમાં પારદર્શિતા, જવાબદારી અને ટેક્નોલોજીના ઉપયોગ પર ભાર મૂકીને સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય અને ખેતી આધારિત અર્થતંત્રમાં સહકાર ક્ષેત્રની ભૂમિકા મહત્વપૂર્ણ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં તેમજ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્યનો સહકાર વિભાગ સહકારના માધ્યમથી ગામડાઓમાં આવક વધારવા અને રોજગારીના નવા અવસરો ઊભા કરવા માટે પ્રતિબદ્ધ છે.

વડોદરા જિલ્લાના દરેક ગામમાં ઓછામાં ઓછી એક પ્રાથમિક ખેત ધિરાણ સોસાયટી (પેક્સ) હોવાની હિમાયત કરીને મંત્રી શ્રી વિશ્વકર્માએ ઉમેર્યું હતું કે, ગામના પૈસા ગામમાં જ રહે અને ખેડૂતો કે પશુપાલકોને હવે કોઈ પણ પ્રકારની સેવા કે કામ માટે તાલુકા કક્ષાએ ના જવું પડે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહના ખેડૂતલક્ષી અભિગમથી સેવા સહકારી મંડળીઓ માટે ૨૦ કરતા પણ વધારે કામગીરી અને સેવાના આયામો ઉમેરવામાં આવ્યા છે. ખેડૂતોના વિકાસથી જ સહકાર ક્ષેત્ર વિકસિત થશે અને ભારત વિશ્વની સૌથી ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બની શકશે, તેમ તેમણે ઉત્સાહપૂર્વક જણાવ્યું હતું. મંત્રી શ્રી વિશ્વકર્માએ અમૂલનું ઉદાહરણ આપીને સહકારિતા ક્ષેત્રની શક્તિનો ઉલ્લેખ કર્યો હતો. દેશમાં સહકારિતા મંત્રાલયની સ્થાપના પછીની સિદ્ધિઓને વર્ણવીને તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વવાળી સરકાર દ્વારા 'સહકારથી સમૃદ્ધિ' દ્રષ્ટિકોણથી અનેક ફાયદાકારક પહેલ વિશે વાત કરી હતી. ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકના ચેરમેનશ્રી અજયભાઈ પટેલે સહકાર વિભાગ ગ્રામ્ય વિકાસમાં નવચેતના લાવી રહ્યું છે.

# શહેરના આઉટ ગ્રોથ વિસ્તારમાં વરસાદી ગટર અને ડ્રેનેજની બાકી કામગીરી સરકારની ગ્રાન્ટ મેળવીને કરાશે

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા આઉટ ગ્રોથ વિસ્તારોમાં વરસાદી ગટર અને ડ્રેનેજની બાકી રહેલી કામગીરી સરકારની આઉટ ગ્રોથ વિસ્તારો માટેની ગ્રાન્ટ મેળવીને કરવામાં આવશે. પશ્ચિમ ઝોનમાં બિલ, સેવાસી, ભાયલી, ઊંડેરા તેમજ કરોડીયા જેવા આઉટ ગ્રોથ વિસ્તારનો સમાવેશ થયેલ છે.

આ આઉટગ્રોથ વિસ્તારમાં ડ્રેનેજ તથા રોડના નેટવર્કની અપુરતી સુવિધા છે. વરસાદી ગટર અને પાણીનું નેટવર્ક નથી. આ બધી સુવિધા ઉભી કરવા સરકાર તરફથી મળતી વિવિધ ગ્રાન્ટમાં સર્વે મુજબ કામો કરાય છે. જે અંતર્ગત ભાયલી તથા બિલ વિસ્તારમાં પાણી, ડ્રેનેજ, વરસાદી ગટર, તેમજ રોડના કામો હાલ ચાલુ છે. ભાયલી વિસ્તારમાં 80% જેટલી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. બાકીની કામગીરી ચોમાસા બાદ થશે. બિલ વિસ્તારમાં આ પ્રકારની સર્વિસીસ ઊભું કરવાનું કામ ચોમાસા બાદ પુન: શરુ કરાશે. જયારે વરસાદી ગટર, ડ્રેનેજની બાકી રહેલી કામગીરી સરકાર તરફથી ગ્રાન્ટ મેળવી હાથ ધરાશે.

### સાંસદ ડો. હેમાંગ જોષીની અધ્યક્ષતામાં વડોદરામાં દિશાની બેઠક યોજાઈ

# પ્રશાસન અને પદાધિકારીઓ એકબીજાના પૂરક છે, પરસ્પર સહકારથી જન સુખાકારીમાં વધારો અને વિકાસ કરવાનો છેઃ સાંસદ ડો. હેમાંગ જોષી



સાંસદ ડો. હેમાંગ જોષીના અધ્યક્ષપણા હેઠળ જિલ્લા પંચાયત ભવનના સભાખંડ ખાતે વડોદરાની ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડીનેશન એન્ડ મોનીટરીંગ કમિટી (દિશા)ની બેઠક યોજાઈ હતી. જેમાં ગરીબલક્ષી યોજનાઓની માર્ચ-૨૦૨૫ અંતિત સુધીની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકના આરંભે જિલ્લા વહીવટી તંત્ર વતી કાર્યકારી કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરાએ સંસદસભ્ય ડો. હેમાંગ જોષીનું સ્વાગત કર્યું હતું. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રીએ ડિસ્ટ્રીક્ટ ડેવલોપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મીનીટરીંગ કમિટીના મુદ્દાઓનું વાચન કર્યું હતું. ત્યાર બાદ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વડોદરા જિલ્લામાં કરવામાં આવેલી કામગીરી, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ), મનરેગા, પીએમ કિસાન સન્માન નિધિ, જલ જીવન મિશન, પીએમ પોષણ યોજના, આયુષ્માન ભાર યોજના, ગ્રામીણ વિકાસ કૌશલ્ય યોજના અંગેની કામગીરીનું પ્રેઝન્ટેશન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બેઠકમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, ઈન્ટીગ્રેટેડ વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, સમગ્ર શિક્ષા અભિયાન, ગ્રામ જ્યોતિ યોજના જેવી વિવિધ લોકકલ્યાણકારી અને પ્રજાલક્ષી યોજનાઓની આંકડાકીય કામગીરીનું પ્રેઝેન્ટેશન જિલ્લાના સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. અધ્યક્ષશ્રીને તમામ યોજનાઓ અંતર્ગત કામગીરી અને વિકાસકાર્યોની સવિસ્તાર જાણકારી આપવામાં આવી હતી. સાંસદ આદર્શ ગ્રામ યોજનાની સમીક્ષા પણ કમિટીના અધ્યક્ષ અને સાંસદ ડો. હેમાંગ જોષી દ્વારા કરવામાં આવી હતી. સંસદસભ્ય ડો. હેમાંગ જોષીએ દિશા બેઠકના ઉપરોક્ત જુદા જુદા મુદ્દાઓ વિશે લગત કચેરી/વિભાગના અધિકારીશ્રીઓ સાથે ચર્ચાઓ કરી જરૂરી સૂચનો કરી જણાવ્યું હતું કે, લોકોની સુવિધા અને સુખાકારીમાં વધારો થાય એ જ ઉદ્દેશ્ય સાથે સરકાર કામ કરી રહી છે. આ માટે પદાધિકારીઓ અને અધિકારીઓને સંકલનમાં રહીને સહભાગિતા સાથે કામ કરવા માટે પણ ડો. જોષીએ તાકીદ કરી હતી. વડોદરા જિલ્લામાં કેન્દ્રની બધી જ યોજનાઓનો લાભ મળે, કલેક્ટરશ્રી અને ડી.ડી.ઓ. કક્ષાએથી રિપોર્ટીંગ થાય તથા બધા જ વિભાગના કામો સુપેરે પૂર્ણ થાય તે માટે પ્રાધાન્ય મળે તેવી મારી કોશિશ હરહંમેશ રહેશે, તેમ ડો. જોષીએ જણાવ્યું હતું. આ બેઠકમાં ધારાસભ્ય સર્વ શ્રી શૈલેષભાઈ મહેતા, શ્રી ચૈતન્યસિંહ ઝાલા, શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, શ્રી અક્ષયભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી ગાયત્રીબા મહિડા, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, વિવિધ કમિટીઓના ચેરમેનશ્રીઓ, નગરપાલિકાના પ્રમુખશ્રીઓ અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરા મંડળ પર મંડલ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિની બીજી બેઠક મળી વિવિધ રેલ્વે સ્ટેશનોની સમસ્યા અંગે રજૂઆત કરાઈ



વડોદરા મંડળ પર મંડલ રેલવે ઉપભોક્તા સલાહકાર સમિતિની આજે મળેલ બીજી બેઠકમાં હાજર સભ્યોએ પોત પોતાના ક્ષેત્ર સંબંધિત યાત્રી સુવિધાઓને વધારવા, રેલવે સંબંધી સમસ્યાનું નિરાકરણ લાવવા રજૂ કરેલ તેમની યોગ્ય માગણી પર મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકેએ તેમની યોગ્ય માંગણીઓ પર ઝડપી કામગીરી કરવાનું જણાવ્યું હતું.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર પ્રતાપનગર ડીઆરએમ કચેરી ખાતે રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિની દ્વિતીય બેઠક યોજાઈ હતી. શરૂઆતમાં સમિતિના સચિવ અને સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર નરેન્દ્ર કુમારે તમામ સભ્યોનું સ્વાગત કર્યું હતું. સમિતિના અધ્યક્ષ અને વડોદરા મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકે દ્વારા સંક્ષિપ્ત પ્રેઝન્ટેશનના માધ્યમથી તમામ સભ્યોને મંડળની પ્રવૃત્તિઓ અને વિકાસ કાર્યોથી વાકેફ કરવામાં આવ્યા હતા. સમિતિના સભ્યો દ્વારા રેલ્વે સમસ્યાઓ, ટ્રેનોના સ્ટોપેજ, નવી પરિયોજનાઓ અંગે તથા વધુ સારી સુવિધાઓ મુસાફરોને મળે તે માટે પોતાના સૂચનો રજૂ કર્યા હતા. રાજુ ભડકેએ સભ્યોના સૂચનો પર તાત્કાલિક અને યોગ્ય કાર્યવાહીની ખાતરી આપી જણાવ્યું હતું કે, મુસાફરોની સુવિધાઓ વડોદરા મંડળની ટોચની પ્રાથમિકતા છે. આ બેઠકમાં સ્મિતાના સભ્યો તથા વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નડિયાદ એસટી વિભાગમાં મહિલા કર્મચારીઓ માટે જાતીય સતામણી નિવારણ અંગે ઓપન હાઉસ યોજાયું

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ નડિયાદ વિભાગ ખાતે નારી વંદન સપ્તાહ નિમિતે મહિલા કર્મચારીઓ માટે કાર્યસ્થળે જાતીય સતામણી અને ફરિયાદ નિવારણ સંદર્ભે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિભાગીય નિયામક સી.ડી. મહાજન, સિનિયર લેબર ઓફિસર અને વહીવટી અધિકારી તેમજ મહિલા જાતીય સતામણી નિવારણ કમિટીના નોડલ ઓફિસર એચ.બી. તલાટી ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ મહિલા જાતીય સતામણી નિવારણના અધ્યક્ષ અને બોરસદ ડેપો મેનેજર સુનિતાબેન પાંડે પણ હાજર રહ્યા હતા. નડિયાદ જિલ્લાના મહિલા તથા બાળ વિકાસ અધિકારી ફરજાનાબેન, એડવોકેટ પારુલબેન તેમજ અભયમ ટીમના પ્રોજેક્ટ કોર્ડીનેટર ચંદ્રકાંતભાઈ મકવાણા અને અભયમ ટીમના સદસ્યોએ પણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. એડવોકેટ પારુલબેન મકવાણાએ કાર્યસ્થળ પર થતી જાતીય સતામણી અટકાવ, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ 2013 કાયદાની મુખ્ય જોગવાઈઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. મહિલા અને બાળ અધિકારીએ મહિલા અને બાળ વિકાસ યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી. અભયમ 181 મહિલા હેલ્પ લાઈનના પ્રોજેક્ટ કોઓર્ડીનેટર ચંદ્રકાંતભાઈ મકવાણા અને તેમની ટીમે પ્રોજેક્ટર દ્વારા વિવિધ વીડિયો બતાવી 181 મહિલા હેલ્પલાઈન અને અભયમ ટીમની કામગીરી વિશે માહિતી આપી હતી. તેમણે મહિલાઓને મુશ્કેલીના સમયે 181 ટોલ ફ્રી નંબર પર કોલ કરવા અનુરોધ કર્યો હતો. વિભાગીય નિયામકે મહિલાઓને જાતીય સતામણી અટકાવવાના ઉપાયો, કાયદાકીય માર્ગદર્શન અને ફરિયાદ અંગે સમજ આપી હતી. કાર્યક્રમના અંતે મહિલા કર્મચારીઓને પોતાના પ્રશ્નો પૂછવાની તક આપવામાં આવી હતી, જેના વિષય નિષ્ણાતો દ્વારા સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા.

### સમાચારનો પડઘો પડ્યો.. તંત્ર એકશનમાં

# જંબુસરની પાલિકા આખરે જાગી, નૂરાની મસ્જિદ વિસ્તારમાં સફાઇ કામગીરી થઇ



જંબુસરના નૂરાની મસ્જિદ વિસ્તારમાં આખરે પાલિકાએ સફાઈની કામગીરી શરૂ કરાવી છે. માજી નગરસેવક શહેનાઝ પઠાણે પ્રાંત અધિકારી કોર્ટમાં સફાઈ મુદ્દે સીઆરપીસી ની કલમ 133 મુજબ નગરપાલિકા ચીફ ઓફિસર સામે ફરિયાદ કરતાં પાલિકામાં દોડધામ મચી હતી.

નૂરાની મસ્જિદ અને દોલત શહીદ દરગાહ પાસે ખૂબ જ કચરો નાખી ગંદકી કરવામાં આવે છે આ બંને સ્થળો ધાર્મિક છે અને ત્યાં લોકોની અવરજવર વધુ રહે છે અને આ કચરો સમય મર્યાદામાં નગરપાલિકા દ્વારા ઉઠાવવામાં આવતો નથી અને કોઈ યોગ્ય નિકાલ કરવામાં આવતો નથી જેથી ખૂબ મોટા પ્રમાણમાં ગંદકીનો ઉપદ્રવ વધી ગયો છે જેના લીધે દુર્ગંધ તેમજ મચ્છરોનો ત્રાસ વધી જવાથી લોકો હેરાન પરેશાન થઈ ગયા છે નગરપાલિકા દ્વારા આ જગ્યા પર કચરો નાખવા માટે ફાળવવામાં આવી નથી તેમ છતાં આસપાસ માં રહેતા લોકો તેમજ દુકાનદારો આ જગ્યા ઉપર કચરો નાખી ગંદકી ફેલાવે છે અને ચોમાસા ની ઋતુમાં રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત વ્યકત કરવામાં આવી હતી. પાલિકાએ આ વિસ્તારમાં સફાઈ કરાવતાં સ્થાનિકોને રાહત સાંપડી છે.

# ગોલ્ડન બ્રિજ પાસે પાણી વધતાં તંત્રએ ભરૂચ નીચાણવાળા 13 ગામોને સાવચેત રહેવા અપીલ કરી



ભરૂચમાં સવારે 7 વાગે ગોલ્ડન બ્રિજ પાસે નર્મદા નદીની જળ સપાટી 20 ફૂટે સ્થિર થઈ છે. નર્મદા નદીનું વોર્નિંગ લેવલ 22 ફૂટ અને ભયજનક સપાટી 24 ફૂટ છે. તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

સરદાર સરોવર ડેમમાંથી પાણીની આવક થતા 15 દરવાજા ખોલી પાણી છોડવામાં આવી રહ્યું છે. આના કારણે નર્મદા નદીની સપાટીમાં વધારો જોવા મળી રહ્યો છે. ભરૂચ જિલ્લામાં ગોલ્ડન બ્રિજ નજીક પાણીની સપાટી 20 ફૂટ પર પહોંચી છે.

તંત્ર દ્વારા નદી કિનારે આવેલા નીચાણવાળા વિસ્તારોના લોકોને સાવચેત રહેવા અપીલ કરાઈ છે. અંકલેશ્વર તરફ આવેલા સરફુદ્દીન, ખાલપીયા, જુના છાપરા, જુના કાસીયા, બોરભાઠા બેટ, સક્કરપોર, જુના પુનગામ, બોરભાઠા, જુના તરીયા, જુના ધંતુરીયા, જૂના દિવા સહિતના 13 ગામને સાવચેત રહેવા અનુરોધ કરાયો છે. નદી કિનારે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. હાલમાં ભરૂચમાં નર્મદા નદી બે કાંઠે વહી રહી છે. સ્થાનિક તંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને જરૂર પડે સલામત સ્થળે ખસેડવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

# કામના સ્થળે મહિલા સુરક્ષાની આંતરિક સમિતિની રચના ના થાય તો રૂ. ૫૦ હજારનો દંડ થશે

મહિલાઓને તેમના કાર્યસ્થળે સુરક્ષિત અને સન્માનજનક વાતાવરણ ઉપલબ્ધ થાય તે હેતુસર ભારત સરકાર દ્વારા મહિલાઓના કાર્યસ્થળે જાતીય સતામણી પ્રતિબંધ કાયદો, ૨૦૧૩ અમલમાં મૂકવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ અનુસાર આ કાયદાનું યોગ્ય અમલીકરણ થાય તથા તેની અસરકારક દેખરેખ થાય તે માટે સરકાર દ્વારા શિ-બોક્સ પોર્ટલનો અમલ કરવામાં આવ્યો છે.

વડોદરા જિલ્લામાં આવેલ દરેક ખાનગી ઉદ્યોગ, દવાખાનું, શાળા, બેંક, દુકાન, ખરીદી કેન્દ્ર, ઓફિસ કે અન્ય કોઈપણ કાર્યસ્થળ જ્યાં દસથી વધુ કર્મચારી કામ કરે છે, એવી દરેક સંસ્થાએ આંતરિક ફરિયાદ સમિતિની રચના કરવી કાયદેસર ફરજિયાત છે.

જો કોઈ સંસ્થાએ આવી સમિતિની રચના કરી નથી તો કાયદાની કલમ-૨૬ મુજબ પચાસ હજાર રૂપિયાનો દંડ થઈ શકે છે. સમિતિની રચના કર્યા પછી તેની નોંધણી શિ-બોક્સ પોર્ટલ પર કરવી અનિવાર્ય છે. નોંધણી થયા પછી તે માહિતી મહિલા અને બાળ અધિકારી કચેરી વડોદરા દ્વારા મંજૂર કરવામાં આવે છે. આથી, જિલ્લા તેમજ તાલુકા સ્થર પર આવેલી તમામ લગતી સંસ્થાઓને જણાવવાનું કે, તેઓ તરત પોતાની આંતરિક ફરિયાદ સમિતિ રચી કાયદાનું પાલન કરે તથા નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરે. વધુ વિગતો માટે મહિલા અને બાળ અધિકારી કચેરી, કુબેર ભવન, એફ બ્લોક, બીજો માળ, વડોદરાનો સંપર્ક કરવા જણાવાયું છે.

### વડોદરાના શિક્ષિત યુવા સરપંચની પ્રેરણાદાયી પહેલ



# શાળામાં નિયમિત આવવા માટે પ્રેરણા આપતી 'શાળાના હાજરી ચેમ્પિયન' નામની નવી પહેલ શરૂ કરી

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ઈન્દ્રાળ ગામના બાળકોમાં શિક્ષણ પ્રત્યે રુચિ વધારવા માટે એક પ્રેરણાદાયી પહેલ શરૂ કરી છે. આ પરિવર્તનનાં સૂત્રધાર છે ગામનાં યુવા અને શિક્ષિત સરપંચ, ડૉ. જૈમિનિ જયસ્વાલ. શિક્ષણ જ કોઈપણ સમાજનો સાચો પાયો છે તેને કેન્દ્રમાં રાખીને તેમણે તેમના ગામની શાળાના હાજરી ચેમ્પિયન' નામની નવી પહેલ શરૂ કરી છે. આ સંકલ્પને સાકાર કરવા માટે તેમણે એક અનોખો અને પ્રેરણાદાયક પ્રયોગ શરૂ કર્યો. તેમણે 'શાળાના હાજરી ચેમ્પિયન' નામની એક પહેલ શરૂ કરી. આ પહેલ હેઠળ, દર મહિને જે વિદ્યાર્થીઓ શાળામાં ૧૦૦ ટકા હાજરી આપશે, તેમને ગામના સરપંચ ડૉ. જૈમિનિ જયસ્વાલ દ્વારા પ્રોત્સાહક ઈનામ અને પ્રશંસાપત્ર આપવામાં આવશે. આમ તો સાવલી તાલુકાના અંતરિયાળ વિસ્તારનું ગામ છે. તેવામાં ઈન્દ્રાળ ગામ ડૉ. જયસ્વાલનો આ પ્રયોગથી માત્ર ઈન્દ્રાળ ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ જ નહીં, પરંતુ સમગ્ર ગામમાં શિક્ષણનું વાતાવરણ સુધરશે. આ પ્રયોગ અન્ય ગામો માટે પણ એક પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડી રહ્યો છે.

# નડીઆદ મહાનગરપાલિકા ધ્વારા પશુમાલિકોને જાહેર રસ્તા પર ઢોર રખડતા ન મુકવા તાકીદ કરવામાં આવી

નડીઆદ મહાનગરપાલિકા ધ્વારા નડીઆદ શહેર વિસ્તારમાં નડીઆદ શહેરના જાહેરમાર્ગો પરથી રખડતા પશુનો ત્રાસ નિવારવા માટે તા.૨૦/૦૭/૨૦૨૫ થી પશુ ત્રાસ નિયંત્રણ પોલીસી-૨૦૨૫ અમલમાં મુકવામાં આવેલ છે. તેમજ પોલીસીમાં દર્શાવ્યા મુજબ પશુમાલિકોને તેઓ ધ્વારા રાખવામાં આવતા પશુનું રજીસ્ટ્રેશન તા. ૩૧/૦૮/૨૦૨૫ સુધીમાં કરાવવા તા.૧૯/૦૭/૨૦૨૫ ના રોજના સમાચારપત્ર માં જાહેરસુચના પણ આપવામાં આવેલ છે.

વધુમાં અમલમાં મુકવામાં આવેલ પોલીસી અંતર્ગત નડીઆદ શહેરના જાહેરમાર્ગો પર વાહન વ્યવહારને અડચણરૂપ ન ભને તથા રાહદારીઓને જાનહાની ન થાય તે માટે રખડતા પશુ પકડવાની કામગીરી મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવી રહી છે તેમજ પકડાયેલ ઢોરને ઢોર ડબ્બામાં સલામત રીતે રાખવાની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. ૨૦/૦૭/૨૦૨૫ ના રોજથી પોલીસી અમલમાં મુક્યા બાદ કુલ-૪૨ રખડતા પશુને પકડી ઢોર-ડબ્બામાં પૂરવામાં આવેલ છે.

નડીઆદ મહાનગરપાલિકા ધ્વારા પશુમાલિકોને જાહેર રસ્તા પર ઢોર રખડતા ન મુકવા તાકીદ કરવામાં આવે છે તથા જાહેર માર્ગ પર રખડતા પશુના માલિક સામે કાયદેસરના પગલા લેવામાં આવશે અને પ્રતિ પશુ રૂ.૩૦૦૦ દંડ તથા પ્રતિ દિવસ મુજબ ખાધા-ખોરાકીના ચાર્જ પેટે રૂ.૫૦૦ તથા વહીવટી ચાર્જ પેટે રૂા. ૫૦૦ વસૂલ કરવામાં આવશે. જેની દરેક પશુમાલિકોએ નોંધ લેવી એમ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીએ અખબારી યાદીમાં જણાવેલ છે.

# વિશ્વ માનવ તસ્કરી વિરોધી દિવસે નડિયાદ રેલવે સ્ટેશન ખાતે બાળ સુરક્ષા જાગૃતિ માટે કાર્યક્રમ યોજાયો




વિશ્વ માનવ તસ્કરી વિરોધી દિવસના અવસરે, નડિયાદ રેલવે સ્ટેશન, પ્લેટફોર્મ-૧ ખાતે બાળ સુરક્ષા જાગૃતિ માટે કાર્યક્રમ યોજાયો. જેમા, જિલ્લા કાનૂની સેવા સત્તા, રેલવે પોલીસ ફોર્સ, અને પ્રયાસ Just Rights for Children (JAC) સંસ્થાના પ્રતિનિધીઓએ ઉપસ્થિત રહી રેલવેમાં થતી બાળ તસ્કરી અટકાવવા માટે લોકોને માહીતગાર કર્યા હતા. કાર્યક્રમમાં હાજર અધિકારીઓએ માનવ તસ્કરી સામે કાર્યવાહી દરમ્યાન કાયદા અમલમાં આવતા પડકારો અંગે ચર્ચા કરી હતી અને તાત્કાલિક ન્યાય તેમજ બચાવ થયેલા બાળકોના પુનર્વસન માટે સમન્વયિત પ્રયાસોની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો હતો. સાથે જ, કાયદાની જાણકારી, સમુદાયની જાગૃતિ અને એજન્સીઓ વચ્ચે સહયોગ વધારવા માટેની જરૂરિયાત પણ દર્શાવવામાં આવી.










# પત્રકાર હિત રક્ષક સમિતિ (આર.એન.આઇ.ગ્રુપ ) ની કારોબારી બેઠકનું આયોજન આજવા ચોકડી ખાતે આવેલ સર્કીટ હાઉસમાં કરાયું









(બ્યુરો રિપોર્ટ ઝારા ખાન સાથે ઝોયા ખાન)

૩ ઓગષ્ટ ના રોજ પત્રકાર હિત રક્ષક સમિતિ (આર એન આઇ ગ્રુપ ) ની કારોબારી બેઠક નું આયોજન આજવા ચોકડી ખાતે આવેલ સર્કીટ હાઉસ માં કરવામાં આવ્યું.. કારોબારીમાં સમિતિના હોદ્દેદારો દ્વારા સમિતિ દ્વારા કરવામાં આવેલ કાર્યો તેમજ એમ એસ એમ ઇ ના વિરૂધ્ધમાં ચલાવવામાં આવેલ લડત વિશે માહીતી આપવામાં આવી સાથે સાથે આવનાર સમયમાં આ લડત ને હજી આગળ ચાલું રાખવામા આવશે તેમજ પત્રકાર હિત રક્ષક સમિતિ માં આગામી સમયમાં શહેર સાથે સાથે જિલ્લા અને તાલુકાના પત્રકારો ને પણ જોડવામાં આવશે પરંતુ આ સંગઠન ની વિશેષતા એ હસે કે આ સંગઠનમાં માત્ર અને માત્ર આર એન આઇ માન્ય પત્રકારો ને જ જોડવામાં આવશે.. કારોબારી બેઠક પુરી થયા બાદ પત્રકાર હિત રક્ષક સમિતિ ના તંત્રી મિત્રો દ્વારા ભાઇ - બહેન ના પવિત્ર પર્વ રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી..

# ગુજરાત રાજ્ય હજ કમિટીના ચેરમેન ઈકબાલભાઈ સૈયદને ભારત રત્ન એપીજે અબ્દુલ કલામ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા




તારીખ 2 ઓગસ્ટ 2025 ના રોજ ન્યુ દિલ્હી ખાતે આવેલ ઈન્ડિયા ઉલ્મા બોર્ડ તરફથી ગુજરાત રાજ્ય હજ કમિટીના ચેરમેનની સારી કામગીરી બદલ ભારત રત્ન એપીજે અબ્દુલ કલામ એવોર્ડ દિલ્હી સ્થિત વેસ્ટ ક્લબ ખાતે સન્માનિત કરવામાં આવ્યા હતા જેમાંથી પાર્ટીમાં અને ચેરમેન શ્રી ઈકબાલ સૈયદના પરિવાર અને મિત્ર મંડળમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે દેશના તમામ રાજ્યો ની હજ કમિટીમાં ઉત્તમ કામગીરી બદલ આ એવોર્ડ આપવામાં આવતા પ્રજામાં એક એવી લોક લાગણી પણ ઉઠી છે કે ગુજરાતમાં આવાજ ચેરમેનની જરૂર છે ત્યારબાદ ચેરમેન શ્રી એ કેબિનેટ લઘુમતી વિભાગના કેબિનેટ મંત્રી શ્રી કિરણ રજજુજી ની દિલ્હી તેઓના નિવાસ્થાને મુલાકાત લઈ હાજીઓને પડતી મુશ્કેલીઓ તેના નિરાકરણ અને હાજીઓને હજમાં સરળતા રહે તે માટે વિસ્તૃત ચર્ચા પણ કરી હતી

# પારૂલ યુનિ.ના ગ્રેજ્યુએટ્સની ભારતીય સશસ્ત્ર દળોમાં અધિકારીઓ તરીકે નિમણૂક, ટ્રેનિંગ પૂર્ણ કર્યાં બાદ નૌકાદળ અને સેનામાં સેવા આપશે

વડોદરાની પારૂલ યુનિવર્સિટીના આર્મ્ડ ફોર્સિસ મોટિવેશનલ સેલ ટીમના કેન્દ્રિત અને સમર્પિત પ્રયાસોથી યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ ટ્રેઈની ઓફિસર્સ તરીકે ભારતીય સશસ્ત્ર દળોમાં નિમણૂંક પામ્યાં છે. આ વિદ્યાર્થીઓ તેમની ટ્રેનિંગ પૂર્ણ કર્યાં બાદ ભારતીય નૌકાદળ અને ભારતીય સેનામાં અધિકારીઓ તરીકે દેશની સેવા કરશે.

પારુલ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજીના અનિમેષ નારાયણ, સુજલ તિવારી અને યુવરાજ સિંઘ હાલમાં એઝિમાલા સ્થિત ઈન્ડિયન નેવલ એકેડમી (INA) ખાતે તાલીમ લઈ રહ્યાં છે. ત્યારબાદ તેઓ ભારતીય નૌકાદળમાં અનુક્રમે એક્ઝિક્યુટિવ ઓફિસર, ટેક્નિકલ ઓફિસર અને લોજિસ્ટિક્સ ઓફિસર તરીકે જોડાશે. બીજી તરફ ફેકલ્ટી ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજીના જેનિશ કુમાર ડાંગરની ભારતીય સેનામાં ટેક્નિકલ ઓફિસર તરીકે પસંદગી કરાઈ છે તથા હાલ તેઓ ચેન્નઈમાં ઓફિસર્સ ટ્રેનિંગ એકેડમી (OTA)માં તાલીમ લઈ રહ્યાં છે. વિદ્યાર્થીઓને સંરક્ષણ સેવાઓ તથા સર્વિસ સિલેક્શન બોર્ડની લેખિત પરીક્ષામાં સફળતા હાંસલ કરવામાં મદદરૂપ બનતાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે.

# સ્મશાનના ખાનગીકરણનો વિરોધ છાણી ગામની દુકાનો સજ્જડ બંધ

પાલિકા દ્વારા સ્મશાનોના ખાનગીકરણ કરવાના વિરોધમાં છાણી બંધનું એલાન અપાયું હતું. જેને પગલે રવિવારે ગામના વેપારીઓએ સજ્જડ બંધ પાડ્યો હતો. સ્મશાનનો વહીવટ ગામના ટ્રસ્ટ પાસે રહેવા દો તેવી માગ સાથે બંધનું એલાન આપ્યું હતું. છાણી ગામનું મુખ્ય બજાર સહિતના વિસ્તારોની દુકાનો બંધ રાખવામાં આવી હતી.

પાલિકા દ્વારા છાણી ગામના સ્મશાન સહિત 31 સ્મશાનોનો વહીવટ ખાનગી સંસ્થાઓને સોંપ્યો છે. જેનો છાણી ગામના લોકો દ્વારા ભારે વિરોધ કરાઈ રહ્યો છે. 3 દિવસ પૂર્વે છાણી ગામના સ્મશાનનાં લાકડાંને લઈને સ્મશાનના ધર્માદા દાન ટ્રસ્ટના ટ્રસ્ટી અને સ્થાયીના પૂર્વ ચેરમેન સતીષ પટેલ સહિત ગામ લોકો અને કોંગ્રેસના કાઉન્સિલરો હરીશ પટેલ, જહાં દેસાઈ વચ્ચે ઘર્ષણ થયું હતું.

ધર્માદા ટ્રસ્ટ દ્વારા સંચાલિત છાણી ગામના સ્મશાનનો વહીવટ કોર્પોરેશન દ્વારા નિમાયેલી એજન્સી દ્વારા લઈ લેવાયા બાદ ટ્રસ્ટના અગ્રણી સતીષ પટેલ સહિતના ટ્રસ્ટીઓએ સ્મશાનનો વહીવટ ન કરવાનો નિર્ણય લીધો હતો અને સ્મશાનમાં પડેલાં લાકડાં, છાણાં સહિતનો સામાન આસપાસનાં ગામોનાં સ્મશાનો માટે દાનમાં આપી દેતાં કોંગ્રેસ કાઉન્સિલરો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.

છાણીના લોકોએ સ્મશાનને ગામના ટ્રસ્ટ હસ્તક રહેવા દેવાની માગ સાથે વિશાળ રેલી કાઢી પાલિકાના નિર્ણયનો વિરોધ કર્યો હતો. લોકોએ કહ્યું કે, છાણી ગામના સ્મશાનમાંથી કોન્ટ્રાક્ટરને દૂર કરો અને ધર્માદા ટ્રસ્ટ દ્વારા જે રીતે સ્મશાનનો વહીવટ ચાલુ હતો તે રીતે ચાલવા દો. છાણી ગામના લોકોને મફતમાં સેવા જોઈતી નથી. રવિવારે બંધનું એલાન અપાયું હતું. સોમવારે પાલિકાની વડી કચેરી ખાતે છાણી ગામના લોકો મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપવામાં આવશે.

છાણી ગામમાં રામા કાકાની ડેરીથી લઈને છાયાપુરી રેલવે સ્ટેશન સુધીની 250 જેટલી દુકાનોના વેપારીઓએ સ્મશાનના ખાનગીકરણના વિરોધમાં સજ્જડ બંધ પાળ્યો હતો. છાણી ગામમાં આવેલા મુખ્ય બજાર, શાકભાજી માર્કેટ, વિવિધ દુકાનો સહિત તમામ લોકો સ્વંયભૂ રીતે બંધમાં જોડાયા હતા. ગ્રામજનો દ્વારા વિકાસવવામાં આવેલા સ્મશાનનો વહીવટ વર્ષોથી ટ્રસ્ટ દ્વારા કરી રહ્યો છે ત્યારે અચાનક કોન્ટ્રાક્ટ આપવાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.

# વડોદરાની શાળાઓમાં જર્જરિત ઓરડાઓની ચકાસણી માટે બેઠક યોજાઈ

## વડોદરા સમગ્ર શિક્ષા દ્વારા શાળા કક્ષાએ ભૌતિક ચકાસણી ઝુંબેશ હાથ ધરાશે

સમગ્ર શિક્ષા, જિલ્લા પ્રોજેક્ટ કચેરી, વડોદરા દ્વારા તાજેતરમાં જિલ્લાની શાળાઓમાં જર્જરિત અને જોખમી ઓરડાઓની ચકાસણી માટે એક મહત્ત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ચાર્જ જિલ્લા કો-ઓર્ડિનેટર શ્રી મહેશભાઈ પાંડેની અધ્યક્ષતામાં આયોજિત આ બેઠકમાં જિલ્લાના આઠ તાલુકાના મુખ્ય શિક્ષકો, સી.આર.સી.-બી.આર.સી. અને ક્લસ્ટર સ્ટાફના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકનો મુખ્ય ઉદ્દેશ શાળાઓમાં આવેલા કોઈપણ જર્જરિત કે જોખમી વર્ગખંડોની ઓળખ કરીને વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હતો. આ બેઠકમાં ઉપસ્થિત તમામને સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે જો કોઈ જર્જરિત ઓરડા મળે, તો તેને તાત્કાલિક ધોરણે બંધ કરીને ખાલી કરી દેવો જોઈએ. આ સૂચનાનું પાલન ન કરનાર સામે જવાબદારી નક્કી કરવામાં આવશે.

વધુમાં, મુખ્ય શિક્ષકોને એવી પણ સૂચના આપવામાં આવી હતી કે જો કોઈ ઓરડામાં પોપડા પડવાની શક્યતા હોય તો તાત્કાલિક તે વર્ગ બંધ કરીને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને જાણ કરવી. આ જાણ કરવામાં નિષ્ફળતા રહેશે તો તેની અંગત જવાબદારી મુખ્ય શિક્ષક અથવા સી.આર.સી.ની ગણાશે.

આ સાથે શાળાઓમાં ભૌતિક સુવિધાઓની જાળવણી અંગે શાળાના ઓરડાઓની છતમાંથી ભેજ આવતી હોય તો ઈલેક્ટ્રિક શોકથી બચવા માટે MCB અને ELCB લગાવવા, શાળાની છત પર કોઈપણ વસ્તુ ન મૂકવી અને ચોમાસામાં પાણી ભરાઈ ન રહે તેની ખાતરી કરવા અને શાળામાં વોટર પ્યુરિફાયર હંમેશા કાર્યરત સ્થિતિમાં રાખવા પર પણ મહત્ત્વપૂર્ણ સૂચનો આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત, શાળાઓમાં કોઈપણ સમારકામની જરૂર હોય તો તે તાત્કાલિક ધોરણે કરાવવાની સૂચના પણ આપવામાં આવી હતી. આ ઝુંબેશ દ્વારા વડોદરા જિલ્લાની શાળાઓમાં ભૌતિક સુવિધાઓનું અસરકારક અમલીકરણ થશે અને વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત શિક્ષણનું વાતાવરણ પૂરું પાડવામાં આવશે.

# વડોદરા શહેરમાં 5 અને 6 ઓગસ્ટે પાણીકાપ: 10 લાખથી વધુ નાગરિકોને બે દિવસ પાણી નહીં મળે

વડોદરા મહાનગરપાલિકા દ્વારા એક મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે, જે મુજબ શહેરના આશરે 10 લાખ નાગરિકોને આગામી 5 અને 6 ઓગસ્ટના રોજ પાણીનો પુરવઠો મળશે નહીં. મહીસાગર નદી પર આવેલા રાયકા પાણીના સ્ત્રોતથી આવતી જૂની 1354 મીમી વ્યાસની ફીડર નળીને નવી 1524 મીમી વ્યાસની ફીડર નળી સાથે જોડવાની કામગીરીને કારણે પાણી પુરવઠો ખોરવાશે.

વડોદરા મહાનગરપાલિકાના પાણી પુરવઠા વિભાગે જણાવ્યું છે કે, આ જરૂરી શટડાઉન 5 ઓગસ્ટના રોજ સવારના પાણી વિતરણ બાદ શરૂ થશે. આ શટડાઉનની અસર હેઠળ 5 ઓગસ્ટની સાંજે અને 6 ઓગસ્ટના સવારે પાણી વિતરણ બંધ રહેશે. આ કામગીરી પૂર્ણ થયા બાદ 7 ઓગસ્ટથી નિયમિત પાણી પુરવઠો ફરી શરૂ થશે. આ શટડાઉનની અસર શહેરના પૂર્વ, ઉત્તર અને દક્ષિણ વિસ્તારોમાં પાણી પુરવઠો આપતા મથકો પર જોવા મળશે. અસરગ્રસ્ત વિસ્તારોમાં નીચેના બૂસ્ટર અને ટાંકીઓનો સમાવેશ થાય છે.

આ અંગે પાણી પુરવઠા અધિકારી જતીન બધેકાએ જણાવ્યું હતું કે, 'અમે નાગરિકોને વિનંતી કરીએ છીએ કે તેઓ 5 અને 6 ઓગસ્ટ માટે જરૂરી પાણીનો સંગ્રહ કરી લે. આ કામગીરી શહેરની પાણી પુરવઠા વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ બનાવવા માટે અનિવાર્ય છે. નાગરિકોના સહયોગથી આ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થશે.'

વડોદરા મહાનગરપાલિકાએ નાગરિકોને આગોતરા પાણીનો સંગ્રહ કરવાની અને આ કામગીરીમાં સહયોગ આપવાની વિનંતી કરી છે. આ શટડાઉન શહેરની પાણી પુરવઠા વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા માટે જરૂરી છે, જેથી ભવિષ્યમાં નાગરિકોને સુધારેલી સેવા મળી શકે.







# તરસાલી-મકરપુરામાં પાણીનો પ્રશ્ન ઉકેલવા નવું બુસ્ટિંગ સ્ટેશન બનશે

તરસાલી-મકરપુરામાં વસ્તી વધતાં પાણીની સમસ્યા હલ કરવા નવા બુસ્ટિંગ બનાવવાની દરખાસ્ત મૂકાઈ છે. 50 લાખ લિટર કેપેસિટીનો ભૂગર્ભ સંપ, ફીડર લાઈન, પંપિંગ મશીનરી સહિતની કામગીરી કરાશે.

તરસાલી અને મકરપુરા એરફોર્સ પાછળનો વિસ્તાર વધી રહ્યો હોવાથી અને નવાં બાંધકામો થતાં નાગરિકોને પાણીની સુવિધા પૂરી પાડવા બુસ્ટિંગ સ્ટેશન બનાવવાનું કામ હાથ ધરાશે. સૂચિત આઉટ ગ્રોથ વિસ્તારમાં વસ્તી તથા વિસ્તારને ધ્યાનમાં રાખી ડીપીઆર તૈયાર કરાયો હતો.

જેમાં તરસાલીમાં 50 લાખ લિટર કેપેસિટીનો ભૂગર્ભ સંપ, ફીડર લાઈન, પંપિંગ મશીનરી સહિતની કામગીરી કરાશે. બુસ્ટિંગ સ્ટેશનની કામગીરી પાછળ 20 કરોડનો ખર્ચો કરાશે. આ કામગીરી થતાં બુસ્ટિંગ સ્ટેશનની આસપાસના 6 કિમી વિસ્તારમાં પાણીનું નેટવર્ક સુધરશે.

બુસ્ટિંગ સ્ટેશનમાં 6 પંપ કામે લગાડાશે. પાણીના પ્રેશર માટે લાંબાગાળાનું આયોજન કરાયું છે. બુસ્ટિંગ સ્ટેશનનું કામ 12 મહિનામાં પૂર્ણ કરાશે. નવા બુસ્ટિંગ નાખ્યા બાદ મકરપુરા એરફોર્સ સ્ટેશનની પાછળ અને તરસાલીમાં પાણીનું પ્રેશર સુધરશે. બુસ્ટિંગ સ્ટેશનની સાથે જરૂરી પાણીની લાઈન પણ નાખવાની રહેશે.

# શાકમાંથી ઈયળ નીકળ્યા બાદ બોયઝ હોસ્ટેલની મેસ બંધ કરવાનો આદેશ

વડોદરા: એમ.એસ.યુનિવર્સિટીની બોયઝ હોસ્ટેલ કેમ્પસમાં આવેલી એસપી હોલની મેસમાં શનિવારની રાત્રે ભોજનમાં ઈયળ નીકળવાની ઘટના બાદ આ મેસને કામચલાઉ ધોરણે સત્તાધીશોએ બંધ કરાવી દીધી છે.

યુનિવર્સિટીના ચીફ વોર્ડન વિજય પરમારે કહ્યું હતું કે, એસપી હોલની મેસમાં શનિવારે રાત્રે વિદ્યાર્થીઓ માટેના ભોજનમાં શાકમાંથી ઈયળ નીકળી હતી.એક વિદ્યાર્થીએ આ ઘટનાનો વિડિયો પણ બનાવ્યો હતો.આ બાબતની જાણ થતા વોર્ડનને મેસ પર જઈને તપાસ કરવાની પણ સૂચના આપી હતી.આ મેસનું સંચાલન રાજપુરોહિત કેટરર્સ નામના કોન્ટ્રાક્ટર પાસે છે.આ બનાવ બાદ મેસને અમે બંધ કરાવી દીધી છે. તેમણે કહ્યું હતું કે, ગર્લ્સ હોસ્ટેલમાં ફૂડ પોઈઝનિંગના કારણે વિદ્યાર્થિનીઓ બીમાર પડયા બાદ હોસ્ટેલમાં ચાલતી મેસમાં અને યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીઓની કેન્ટીનમાં ભોજનની ચકાસણી કરવા માટે ફૂટ સેફટી કમિટિ બનાવી છે.આ કમિટિ દ્વારા મેસની ચકાસણી કરવામાં આવશે અને કમિટિના રિપોર્ટના આધારે મેસ ફરી ચાલુ કરવા અંગે નિર્ણય લેવાશે. દરમિયાન મેસ કોન્ટ્રાક્ટર સામે નિયમો પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે.બોયઝ હોસ્ટેલમાં અન્ય હોલની મેસ ચાલુ હોવાથી વિદ્યાર્થીઓને જમવા માટે તકલીફ નહીં પડે.

# ગંભીરા બ્રિજ દુર્ઘટના કેસમાં ACB જોડાઈ:કાર્યપાલક ઈજનેર અને નાયબ ઈજનેરની મિલકતોની તપાસ થશે; 45 દિવસની અંદર સરકારને પ્રાથમિક રિપોર્ટ સોંપશે

ગંભીરા બ્રિજ દુર્ઘટના કેસને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. આ દુર્ઘટના બાદ, કેસની તપાસમાં ACBની ટીમ જોડાઈ છે અને જવાબદાર સરકારી અધિકારીઓ સામે ACBનો ગાળિયો કસવામાં આવ્યો છે. સરકારે આ મામલે સ્પેશિયલ SITનું ગઠન કર્યું છે અને ACBને પુલો અંગે તપાસ કરવા સૂચન કર્યું છે. આ SIT ટીમમાં DIG મકરંદ ચૌહાણ, SP પરેશ ભેસાણીયા સહિત અન્ય ચાર પીઆઈ કક્ષાના અધિકારીઓ તપાસ કરશે.

ACB દ્વારા આર એન્ડ બીના પાંચ અધિકારીઓને ત્યાં રેડ કરવામાં આવી હતી. અત્યાર સુધીની તપાસમાં બે કાર્યપાલક ઈજનેર, બે નાયબ કાર્યપાલક ઈજનેર અને એક મદદનીશ ઈજનેરની સંડોવણી હોવાનું સામે આવ્યું છે. આ અધિકારીઓ વિરુદ્ધ સત્તાનો દુરુપયોગ અને અપ્રમાણસર મિલકતને લઈને તપાસ શરૂ કરવામાં આવી છે. વર્ગ 1ના અધિકારી કાર્યપાલક ઈજનેર એન.એમ.નાયકાવાલા અને કે.બી. થોરાટ વિરુદ્ધ SITએ સત્તાના દુરુપયોગ અને અપ્રમાણસર મિલકતને લઈને તપાસ શરૂ કરી છે. વર્ગ 2ના અધિકારી નાયબ કાર્યપાલક ઈજનેર યુ.સી. પટેલ અને આર.ટી. પટેલની મિલકતો અંગે પણ તપાસ થશે. મદદનીશ ઈજનેર જે.વી. શાહ દ્વારા પણ અપ્રમાણસર મિલકત અંગે તપાસ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ 2024માં કાર્યપાલક ઈજનેર કે.બી. થોરાટ સ્વૈચ્છિક નિવૃત્ત થયા હતા. ACBની SIT ટીમે સત્તાનો દુરુપયોગ અને અપ્રમાણસર મિલકતને લઈને આ તપાસ શરૂ કરી છે. ACB 45 દિવસની અંદર સરકારને તેનો પ્રાથમિક રિપોર્ટ સોંપશે. પ્રાથમિક તપાસ દરમિયાન એવુ પણ સામે આવ્યું છે કે, જવાબદાર અધિકારીઓએ ચોમાસા પૂર્વે તપાસ કરવાની કે ભારે વાહનોની અવરજવર બંધ કરવાની કોઈ કાર્યવાહી કરી નહોતી.

EDITOR- PRINTER-PUBLISHER & OWNER BY : GHADHIYALI MUMTAZ NISARMAHENDI PRINTED BY : HIMALI GRAPHICES & PRINTING PRESS MANOHAR CHOWK,VACCHEVAD NADIAD 387001. GUJARAT, INDIA. PUBLICATION BY : A-15, RAJIV AAVASH, NEAR J.P. POLICE STATION, TANDALJA, VADODARA-390012 , DIST, GUJARAT,
*RESPONSIBLE FOR SELECTION OF NEWS UNDER PRB .ACT N EDITOR : GHADIYALI MUMTAZ NISARMAHENDI.